# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका
# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

एक बेर मतू महेता संग, आए हते परदेश ।
तहाँ देहुरे साधु बहुत, देखे बीच विदेश ॥



कच्छमें साधु, सन्तोंसे परमात्माके विषयमें चर्चा करते हुए श्री देवचन्द्रजी महाराज

मार्च २०१०

वर्ष ८२ | श्री ५ नवतनपुरी धाम, जामनगर | अंक ३

www.krishnapranami.org



श्री कृष्ण प्रणामी मन्दिर चेतनधाम गंगापुरमें आयोजित
श्री तारतम सागरके १०८ पारायण ज्ञानयज्ञके विविध दृश्य



मांडासण गाँवमें आयोजित त्रिदिवसीय सत्संग समारोहके विविध दृश्य

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા


સંસ્થાપક : બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધનીદાસજી મહારાજ

વિ.સં ૨૦૬૬ નિજાનન્દાબ્દ : ૪૨૮ બુદ્ધજી શાકે : ૩૩૨

વર્ષ ૮૨ માર્ચ ૨૦૧૦ અંક : ૩

| | |
|---|---|
| મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ | જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ |
| મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ | શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મંદિર જામનગર - ૩૬૧ ૦૦૧ (ગુજરાત) ભારત |
| સંપાદક : | શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય *તથા* શ્રી કનકરાય વ્યાસ |

વાર્ષિક શુલ્ક રૂા.૧૦૦/- ૧૫ વર્ષીય શુલ્ક રૂા.૧૦૦૦/-



સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ ૦૦૧ ( ગુજરાત)

ફોન : (૦૨૮૮) ૨૬૭૨૮૨૯ : ફેક્સ (૦૨૮૮) ૨૫૫૧૩૫૩

**E-mail : navtan@sancharnet.in / navtanpuri@gmail.com**

**Website : www.krishnapranami.org/ www.krishnadham.org**


## શ્રી બાઈજીરાજ જયન્તી

**સુંદરસાથજી ! આપ સહુ જાણો છો કે ચૈત્રી પૂર્ણિમા શ્રી બાઈજીરાજ મહારાણીનો પ્રાગટ્ય દિવસ છે. આ પવિત્ર દિવસ આ વર્ષે દિનાંક ૩૦-૦૩-૨૦૧૦ ના રોજ છે. શ્રી બાઈજીરાજ મહારાણી સુંદરસાથને માતાની જેમ સ્નેહ આપતા હતા. આવા સ્નેહમયી, મમતામયી, સુંદરસાથ વત્સલા શ્રી બાઈજીરાજને તેઓશ્રીના પ્રાગટ્યના અવસરે કોટિશઃ વંદન.**

-આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

# માનવ જીવનની સાર્થકતા

**બ્રહ્મલીન આચાર્યશ્રી ૧૦૮ ધર્મદાસજી મહારાજ**

પ્યારા સુંદરસાથજી ! આ ભવસાગરમાં આપણે સૌ એટલાં બધાં ડૂબી ગયા છીએ કે આપણું મૂળ ઘર પરમધામને બિલકુલ ભૂલી ગયા. મોહ, માયા, કામ, ક્રોધ, લોભ વગેરે શત્રુઓએ આપણી બુદ્ધિને બિલકુલ નિર્બળ બનાવી દીધી છે. આપણે ક્યારેય પણ શાંત ચિત્તે શ્રી રાજજીને યાદ કરી શકતા નથી. વર્તમાન યુગ એટલે વીસમી સદીનો સંપૂર્ણ યંત્રયુગ તેમાં માનવી પોતે જ યંત્ર બની ગયો છે. ઘડિયાળના બે કાંટા વચ્ચે માનવીનું જીવન સવારથી માંડીને સાંજ સુધી થોડીવાર પણ ફુરસદ લેતું નથી ! શું માનવીએ બનાવેલા પોતાના જ આ યંત્રો એક દિવસ તેનો જ વિનાશ નહીં કરે તેની શી ખાતરી ? કારણ કે વિજ્ઞાન એટલું વિકાસ પામી ચૂક્યું છે કે માનવી ચંદ્ર અને મંગળ ગ્રહો પર વસવાટ કરવા તલપાપડ બની રહ્યો છે ! પરંતુ આટલી ઉન્નતિ કરી હોવા છતાં પણ આજનો માનવ અતૃપ્ત જ રહ્યો !! હમણાં થોડા જ દિવસો અગાઉ આપ સૌએ મુંબઈનાં હિંસક તોફાનો અને રમખાણો વિષે વર્તમાન પત્રોમાં વાંચ્યું જ હશે, તે શું આજના વિકસતા વિજ્ઞાનવાળી સમાજ રચનાની સિદ્ધિ ગણાય કે પછી 'વર્તમાન' નો ભયંકર ઉપહાસ !!

**તુમ સ્યાને મેરે સાથજી, જિન રહો વિષય રસ લાગ ।**
**પાંઉ પકડ કહે ઈન્દ્રાવતી, ઉઠ ખડે રહો જાગ ।।**

**(પ્રકાસ હિ. ૧૭/૨૧)**

શ્રીજીએ એટલા માટે જ આપણા સહુ સાથને વારંવાર સમજાવ્યું છે કે :- જાગૃત થાઓ અને તમારા મૂળ ધ્યેયને પ્રાપ્ત કરવા કમર કસો. કેટલી બધી સહૃદયી પ્રાર્થના સાથે તેઓશ્રીએ આ ચોપાઈ લખી છે તેનો આપ સૌને ખ્યાલ આવશે. છતાં પણ આપણે જો આપણું કર્તવ્ય અને મૂળ ઘરને ભૂલી જઈશું તો આપણા સમાન મૂર્ખ બીજા કોને કહેવો ?

**ધણિએ ધણવટ જે કરી, તું તાં જોને વિચારી તેહ ।**
**આ પાપણીને પરહરી, તું કાં ન કરે સનેહ ।।**

**(રાસ પ્ર. ૩/૫)**

શ્રીરાજજીએ આપણાં સૌ પર મહેર કરીને વારે વારે 'માયા'ના છલ પ્રપંચમાંથી બચાવવા માટે પ્રયત્ન કર્યા છતાં પણ આપણે નશ્વર દેહ પ્રત્યેની મમતા અને માયાની ખોટી પ્રીતિને છોડી શકતા નથી. જે વસ્તુ નાશવંત છે તેને અમૂલ્ય માની આપણે સંસારના કલહોમાં વીંટળાઈ રહ્યા છીએ ! ચિત્તમાં શાંતિ રાખ્યા સિવાય ભૌતિક સુખની સાધના અને આરાધના કર્યા જ કરીએ છીએ ! પરંતુ સુંદરસાથજી ! જરા વિચાર કરજો અને શ્રી પ્રાણનાથજીનાં વચનોને હૃદયમાં સ્મરણ કરી ધામધણી (શ્રી રાજજી પરમાત્મા) ને વારંવાર પ્રેમ-પૂર્વક મનાવીને તમારા અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર બનાવજો.

**ધણિએ આપણસું જે કરી રે, તું તાં જોને વિચારી મન ।**
**કોડી તે હાથથી પરી કરી, તુંને દીધું છે હાથ રતન ।।**

**(રાસ પ્ર. ૩/૭)**

"માનવ-તન" ની અમૂલ્યતા કેટલી બધી છે તેનો ઉપરની ચોપાઈથી સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે. કોડી જેવી તુચ્છ વસ્તુને છોડી દઈ આપણે અમૂલ્ય રત્ન (અખંડ સુખ) ને મેળવવાનું છે. શરીર વડે પરમાત્માની પ્રેમલક્ષણા ભક્તિ થઈ શકે છે. નહીં કે શરીર વડે માત્ર સંસારનું નાશવંત સુખ માણી શકાય ! માટે જ ઋષિ-મુનિઓ અને દેવતાઓ માનવ જન્મ લેવા માટે વારે વારે ઝંખના કરે છે.

ખૂબ જ જતનપૂર્વક આપણે માનવ-તનને સાચવી રાખી તેના વડે આત્માનું સાચું સુખ પ્રાપ્ત કરવાનું છે અને તેનાથી જ આપણે આધ્યાત્મિક સુખ પ્રાપ્ત કરી શકીશું. માટે આપ સૌ માનવ જીવનની અગત્યતા વિષે ખૂબ જ ઊંડાણપૂર્વક વિચાર કરજો અને શ્રીરાજજી પ્રત્યે અનુરાગ વધારવા પ્રયત્નશીલ બનજો. જીવનના દૈનિક ક્રમમાં ધર્મ અને સદાચાર-શીલના આદર્શોને અપનાવશો ત્યારે જ માનવ-જીવન સફળ થયું ગણાશે. શ્રીજીનાં

વચનોને દિલમાં ઉતારીને સદાય તમારા જીવનનો માર્ગ દુઃખ રૂપી કંટકોથી રહિત બનાવશો. જાણે અજાણ્યે પણ વાણી વચન દ્વારા કોઈનું અહિત કરવું નહીં. કંઈ દોષ થઇ જાય તો ક્ષમા એ વીરપુરુષોનું આભૂષણ ગણાય છે.

**અખંડ સુખ લીધાંની આ વેળા, કાં ન કરો સવળાં સાધન ।**
**પરમેસ્વરને પરા કરી રે, મા કરો રે એવાં કરમ અધમ ॥**

**(કિરંતન ૧૩૧/૮)**

આ અમૂલ્ય માનવ-દેહ વારે વારે, ફરી ફરીને આવશે નહીં. આ સમય તથા માનવ-તન અખંડનિધિની આરાધનામાં લગાડવું એ જ ઉત્તમ છે. માનવ-જીવનની સાર્થકતા પણ તેમાં જ રહેલી છે. પરંતુ આપણે સૌ અવળે રસ્તે જઈ માયાના આવરણથી ઢંકાયેલા સંસારના રંગ-રસમાં તરબોળ થઈ ચૂક્યા છીએ, જેથી અખંડ સુખની વેળા વીતતી જાય છે અને સમય સમયનું કાર્ય કરતો જ જાય છે ! પરંતુ પરમાત્મા વિહોણા બની આપણે ક્યાં સુધી આ સાંસારિક કાર્યોમાં મગ્ન રહેશું ? શા માટે આપણે મોહ માયાની ભ્રમ-જાળમાં ગુંથાઈ રહ્યા છીએ તેનું કંઈ જરા સરખું પણ ભાન નથી. દરેક સુંદરસાથ જાગૃત થઈ અને આપણા પૂર્વજોનાં, વડિલોનાં આદરેલા અધૂરા રહેલાં ધર્મ-સંસ્કાર અને આત્મ જાગૃતિના કાર્યને સફળ કરે. ત્યારે જ આપણે સાચા સુંદરસાથ કહેવડાવવા સમર્થ બનીશું. આપણાં ધાર્મિક વારસાને આપણે ત્યારે જ સજીવન કર્યો ગણાય કે જ્યારે આપણાં સંતાનોમાં ધર્મ અને સંસ્કારોનું પ્રતિબિંબ પડે. એ પાડવાનું કાર્ય દરેક મા-બાપ પર આધારિત છે.

અત્યારનું શિક્ષણ એટલું બધું વિકાસના પંથે ગયું છે કે બાળકો, બાલિકાઓ તેમજ કુમારો અને કુમારીઓ પોતાની વેશભૂષામાં આર્વાચીન પશ્ચિમી દેશોનું અનુકરણ કરી રહ્યાં છે. ક્યાં પ્રાચીન આર્યાવર્ત ભારત ભૂમિના ઋષિ મુનિઓની આશ્રમ પદ્ધતિનું શિક્ષણ અને ક્યાં આજનું વિકસતું ભૌતિક શિક્ષણ ! અત્યારનો વિદ્યાર્થી પોપટિયા જ્ઞાનથી સભર છે, પણ આધ્યાત્મિક, સામાજિક કે વ્યાવહારિક જ્ઞાનથી બિલકુલ અજાણ્યો છે. વિદ્યાર્થીઓએ ખૂબ જ ગુણગ્રાહી અને સર્વે જ્ઞાનમાં નિપુણ હોવું અતિ જરૂરી છે. વડિલોની પણ એ ફરજ છે કે પોતાના સંતાનો પ્રતિ હર હંમેશાં જાગૃત રહે.

ગૃહ સંસારની ફૂલવાડીમાં પુરુષ અને સ્ત્રી બંનેએ જાગૃત રહી પોતાના સંસારને સુખથી સભર બનાવવા માત્ર ધનની જ જરૂર નથી, પરંતુ 'આદર્શ' ની ખાસ જરૂર છે. આદર્શ અને નિયમો વગરનું જીવન પાંગળું બને છે. ગૃહણીઓની ફરજ બની રહે છે કે તેઓએ આદર્શ માતા બની પોતાનાં સંતાનોમાં સંસ્કારોનું સિંચન કરવું જોઇએ 'સો શિક્ષક બરાબર એક માતા' એ ઉક્તિને બિલકુલ ધ્યાનમાં રાખીને સ્ત્રીઓએ પણ ભારતીય સતી શીલવંતી સ્ત્રીઓના ઉચ્ચ આદર્શોને પોતાનાં જીવનમાં અપનાવવા પડશે.

**તેરી ગિનતી બાંધી સ્વાંસોં સ્વાંસ, તિનકો ભી નાહીં વિસ્વાસ।**
**કેતે રહે બાકી તેરે સ્વાંસ, એક સ્વાંસ કી ભી નાહીં આસ ॥**

**(પ્રકાસ હિ. ૨૧/૧૩)**

સુંદરસાથજી ! સંસારની આ અનિત્ય ભૌતિક લીલામાંથી બચવા માટે તમે બધા તનતોડ પ્રયત્ન કરજો. કારણ કે આ પાંચ તત્ત્વના પૂતળાંનો કાંઈ વિશ્વાસ કરાય નહીં. માટે જાગૃત થઈ "તારતમ રસ"માં મગ્ન બનવા પ્રયત્ન કરજો. આપણાં ધાર્મિક સાહિત્યનાં એક એક પૃષ્ઠને ફેંદતાં આપણને માલૂમ પડશે કે આપણાં પૂર્વજોનો ઈતિહાસ કેવો હતો ! તેઓની પરમાત્મા પ્રતિ કેટલી અતૂટ શ્રદ્ધા હતી ! અત્યારનું આપણું માનવ જીવન બિલકુલ નિરાશાવાદી બનતું જાય છે. અતૃપ્તિ, અસંતોષ અને આશાઓમાં માનવીની કલ્પનાઓ ક્ષીણ થતી જાય છે.

વેદકાળમાં પ્રાચીન સમયની તપોભૂમિમાં જે આર્યો વસતા હતા તે 'માનવ' કહેવા સંપૂર્ણ હકદાર ગણાતા હતા. કારણ કે ત્યારની સંસ્કૃતિ આદાન-પ્રદાન વ્યવસ્થા ઉપર આધારિત હતી. વિદ્યા અને ધર્મના સંસ્કારો તેઓ જન્મથી જ લઈને કેમ અવતર્યા ન હોય ! કેમ કે તક્ષશિલા, નાલંદા અને અવંતિકાની વિદ્યાપીઠોએ આર્યધર્મ સંસ્કૃતિના ઉચ્ચ આદર્શો પૂરા પાડ્યા હતા. એ જ્ઞાન-ગંગાએ ભારતને જગતમાં પ્રસિદ્ધિ આપી હતી.

પ્રાચીન અને અર્વાચીનની સરખામણી કરતાં અત્યારે આપણે જોઇએ છીએ કે ધર્મની જગ્યાએ 'વિજ્ઞાન' નું સ્થાન નજરે પડે છે. પરમાત્મા જેવી વસ્તુ માનવા આજનો માનવી મહદ્ અંશે તૈયાર નથી, પરંતુ માનવસર્જિત આ બુદ્ધિબળનાં હથિયારો, અણુશસ્ત્રો અને ઉપગ્રહોએ આજે વિશ્વમાં સત્તાવાદ

અને મૂડીવાદનાં બીજ રોપી દીધાં છે. રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે વિસંવાદિતા જગાડી દીધેલી છે. ત્યારે આપણે એટલું જરૂર કહેશું કે આ પ્રગતિનો પંથ નથી, બલ્કે અધોગતિનો પંથ છે. ઉન્નતિનો પંથ ત્યારે જ બનાવી શકીએ જ્યારે જગતનાં તમામ રાષ્ટ્ર 'શાંતિ દ્વારા' અણ ઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ શોધી કાઢે, એ જ સાચી ઉન્નતિ ગણાય. મહામતિ શ્રી પ્રાણનાથજીના શબ્દો તે સમયે જરૂર યાદ આવશે,

**છોડ ગુમાન સબ મિલસી, એ જો સકલ જહાન ।**
**જાત પાંત ના ભાંત કોઈ, એક ખાન પાન એક ગાન ।।**

**(સનંધ ૨૭/૨૪)**

"વિશ્વ એકતા" ના આવા ઉચ્ચ આદર્શો શ્રી પ્રાણનાથજીએ કેવા સુંદર શબ્દોમાં આપણી સમક્ષ રજૂ કરેલા છે ! જીવનના આ સરળ માર્ગમાં રોજે રોજ તમે તમારા ઉચ્ચ સંસ્કારો ખીલવતા રહેશો. ફૂલ પોતાની સુગંધ આત્મ સમર્પણ દ્વારા માનવ કાજે અર્પણ કરે છે. બીજાના ગળાની શોભા અને સુંદરતા માટે ફૂલ પોતાના સૌંદર્યનું અને કુદરતે બક્ષેલી નૈસર્ગિકતાનું સમર્પણ કરે છે, કેમ કે તે પરોપકારી છે. એ બિચારું મૌન વાણીમાં જ કહે છે કે "હું આજે ધન્ય ધન્ય થઈ ગયું છું, મારુ જીવન સફળ થયું છે. મારી સુંદરતા અન્યની શોભા આપવા માટે સર્જાઇ છે." ફૂલના આ દૃષ્ટાંતથી આપણે જીવનમાં ઘણું ઘણું શીખવાનું છે. આપણે પણ બીજા માટે 'સમર્પણ'ની ભાવના કેળવવી જોઈએ. સંસ્કારો અને માનવ જીવનની સાર્થકતા માટે નિત્યપ્રતિ જીવનમાં કમર કસવા પ્રયત્નશીલ બનશો અને જેમ બને તેમ માનવ-તનની અગત્યતાનું મૂલ્યાંકન કરશો. બહુજન હિતાય અને શ્રી રાજજીની પ્રેમપરાભક્તિમાં લવલીન બની સદાય જીવનનું અમૂલ્ય હાર્દ સમજવા પ્રયત્ન શીલ બનશો. અસ્તુ.

---

**શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકાને online વાંચવા માટે :**

**www.khrishnapranami.org**

# વીતક યાત્રા

**શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય, શ્રી ૫ નવતનપુરી ધામ-જામનગર**

શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ(નિજાનંદ સમ્પ્રદાય) નુ અત્યંત લોકપ્રિય અને સર્વગ્રાહી સત્ સાહિત્ય છે **'વીતક'**. વીતક શબ્દ સાંભળતાં જ પ્રણામી ધર્મના દીક્ષિત સુંદરસાથનું માનસ પટલ શ્રદ્ધા, ભક્તિ તથા ભાવથી ઓતપ્રોત થઈ જાય છે. વીતકનું શબ્દ ઉચ્ચારણ થતાં જ ધર્મપ્રેમી તથા સુજ્ઞ સુંદરસાથના હૃદયપટલ પર વીતક સાહિત્યમાં વર્ણન કરેલા વિવિધ પ્રસંગો-જેવા કે પરમાત્માનું ધામ, લીલા તથા સ્વરૂપની સાથોસાથ વ્રજલીલા રાસલીલા, નિજાનંદાચાર્ય સદ્ગુરુ શ્રી દેવચંદ્રજી, મહામતિ શ્રી પ્રાણનાથજી તથા તેમના સમકાલીન મહાન આત્માઓની જીવની મૂર્તિમન્ત બની જાય છે. તે સમયે વીતક શબ્દ માત્ર શબ્દ ન રહીને તેની અંદર સમાયેલા ગૂઢમાંગૂઢ રહસ્યનું દિગ્દર્શન થઈ જાય છે તથા શબ્દોની અંદર વ્યાપેલો ભાવ સજીવ બની જાય છે.

બધાને આ રહસ્યાત્મક જ્ઞાનના વિષયમાં જાણકારી હોતી નથી. કેટલાયે સુંદરસાથ ધર્મમાં દીક્ષિત હોવા છતાં પણ ધર્મના ગૂઢ જ્ઞાનથી માઈલો દૂર હોય છે. આપણી અંદર ધર્મ પ્રત્યે શ્રદ્ધા તથા આસ્થા ત્યારે જાગૃત થાય જ્યારે આપણે ધર્મના ઈતિહાસને જાણીએ અને સમજીએ. શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મને સમજવા માટે વધતા ઓછા અંશે વીતકનું જ્ઞાન હોવું અતિ આવશ્યક છે. આથી આવો 'વીતક' શું છે ? એના વિષયમાં વિહંગાવલોકન કરીએ, એનાથી શું લાભ થશે ? તો જુઓ સ્વયં મહામતિ શ્રી પ્રાણનાથજી શું કહે છે,

**સુનિયો બાની સોહાગની, હુતી જો અકથ અગમ ।**
**સો વીતક કહું તુમ કો, ઉડ જાસી સબ ભરમ ॥**

**(કલશ હિન્દી પ્ર. ૧-૧)**

અર્થાત્ હે સુહાગણ આત્માઓ ! આ દિવ્ય વચન સાંભળો, જે અત્યાર સુધી અકથ(અવર્ણનીય) તથા અગમ(અગમ્ય-મનની શક્તિથી પર)

કહેવામાં આવેલ છે. હું તમને તે વૃત્તાંત(વીતક) સંભળાવું જે સાંભળી બધા જ ભ્રમ ટળી જશે અને શું લાભ થશે ? જુઓ શ્રી લાલદાસજીના શબ્દોમાં,

**વિરોધ સારા વિશ્વકા, ભાગત ઈન વીતક।**
**સબ કો પહિચાન હોવહીં, પહુંચે કદમોં હક॥**

(લાલદાસજી વીતક)

અર્થાત્ વીતકનું જ્ઞાન માનવ મનમાં પલ્લવિત દ્વન્દ્વતા તથા વૈમનસ્યતાને મટાડી તેની હૃદયગુફામાં વ્યાપ્ત અજ્ઞાન અંધકારથી મુક્ત કરી જન જન પ્રત્યે પ્રેમ, સદ્ભાવ તથા સહિષ્ણુતા વગેરે સદ્ગુણોનું બીજારોપણ કરવાનું સામર્થ્ય રાખે છે. એટલું જ નહીં તે આત્માની પિછાણ કરાવી પરબ્રહ્મ પરમાત્માના પાવન ચરણોમાં સ્થાન પ્રદાન કરે છે. આવા બ્રહ્મ તત્ત્વની અનુભૂતિ કરાવવામાં સમર્થ પરમજ્ઞાનના વિષયમાં ઉપનિષદમાં કહ્યું છે,

**ભિદ્યતે હૃદય ગ્રન્થિ છિદ્યન્તે સર્વસંશયાઃ ।**
**ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ તસ્મિન્દૃષ્ટે પરાવરે ॥**

મુંડકોપનિષદ્

અર્થાત્ જ્યારે મનુષ્યને તે પરમ જ્ઞાન, આત્મજ્ઞાન તથા પરમાત્મા વિષયક જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે ત્યારે તેમની અંતઃકરણની ગાંઠ ખુલ્લી જાય છે. મતલબ કે જ્ઞાન રશ્મિનો ઉદય થતાં જ તેમના હૃદયનો અંધકાર નાશ પામે છે. આ જ્ઞાનના દ્વારા જ્યારે તેમની અંદરના સમગ્ર સંશયોનું છેદન થઈ જાય છે ત્યારે જ મનુષ્ય પરમ શાંતિનો અનુભવ કરશે.

**વીતક :** ખરું જોતા વીતક શબ્દ હિન્દી કોશમાં મળતો નથી. પરંતુ ગુજરાતી ભાષામાં વીતક એટલે વીતેલું. ખરેખર વીતકનો અર્થ ઘટેલી ઘટનાઓ, ઈતિહાસ તથા જીવની એવો થાય છે.

શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મમાં વીતક સાહિત્યની સુદીર્ઘ પરંપરા રહી છે. જેમાં સ્વામી શ્રી લાલદાસજીનું વીતક, શ્રી વૃત્તાંત મુક્તાવલી વીતક, શ્રી મિહિરરાજ ચરિત્ર વીતક, શ્રી લીલારસ સાગર વીતક, શ્રી તારતમ સાગર વીતક, શ્રી નવરંગ સ્વામી કૃત વીતક તથા શ્રી વર્તમાન દીપક વીતક મુખ્ય છે.

આ બધા વીતકોમાં સ્વામી શ્રી લાલદાસજી કૃત વીતકનું સ્થાન સર્વોપરિ છે. કેમકે વીતકના ઈતિહાસમાં લાલદાસ કૃત વીતક અધિક પ્રમાણિત છે. મહામતિ શ્રી પ્રાણનાથજીની પરમ કૃપા તથા આજ્ઞા દ્વારા રચનાકારે વિ.સં. ૧૭૫૧ આષાઢ વદ પાંચમથી પ્રારંભ કરી શ્રાવણ કૃષ્ણાષ્ટમીના પાવન દિવસે વીતક રચનાનું કાર્ય પૂર્ણ કર્યું, આથી પ્રત્યેક વર્ષે શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરમાં આ રચનાકાલના સમય દરમ્યાન એક મહિનો વીતક કથા કરવાની પરંપરા છે.

ઉપરોક્ત બધા વીતકો પ્રણામી સમાજમાં પૂજનીય તથા વંદનીય છે. બધા વીતકોની ભાષા શૈલી તથા પ્રસ્તુતિમાં ભિન્નતા જરૂર છે, પરંતુ બધાનું વિષયવસ્તુ તથા લક્ષ્ય એક જ રહ્યું છે. એ છે પરમધામ, વ્રજ, રાસ તથા જાગણીના રહસ્યોનું યથાયોગ્ય નિરૂપણ. હા, એક વાત જરૂર છે કે કોઈ વીતકકારે કોઈ એક વિષય પર વધુ જોર આપ્યું તો કોઈએ બીજા કોઈ વિષય પર વિશેષ વિવેચન કર્યું છે. પરંતુ બધા વીતકોમાં ઓછાવધતા અંશે સમગ્ર વિષયનું પ્રતિપાદન જરૂર થયું છે. તો આવો, વીતક ગ્રન્થ તથા મહામતિની પાવન વાણી શ્રી તારતમ સાગરના માધ્યમથી ઉપરોક્ત બધા વિષયોનું આદ્યોપાંત આંશિક આચમન કરી આપણા જીવન સુમનને સુરભિત કરીએ.

સુંદરસાથજી ! વીતકનું વર્ણન તો મહામતિ સ્વામી શ્રી પ્રાણનાથજીએ 'શ્રી તારતમ સાગર' માં પ્રગટવાણીના માધ્યમથી પહેલાથી જ કરી દીધું છે. તેઓશ્રીએ વીતકને સમજાવતાં કહ્યું,

**અબ સુનિયો મૂલ વચન પ્રકાર, જબ નહીં ઉપજ્યો મોહ અહંકાર ।।**
**નાહીં નિરાકાર નાહીં સુન, ના નિરગુન ના નિરંજન ।।**
**ના ઈશ્વર ના મૂલ પ્રકૃતિ, તા દિન કી કહૂં આપાબીતી ।**

અર્થાત્ મહામતિ કહે છે, હવે સૃષ્ટિની રચના પૂર્વેની મુખ્ય લીલાઓને ધ્યાન પૂર્વક સાંભળો, જ્યારે મોહ અને અહંકારની ઉત્પત્તિ થઈ ન હતી અને શૂન્ય, નિરાકાર, નિર્ગુણ તથા નિરંજનની પણ ઉત્પત્તિ થઈ ન હતી. ન ઈશ્વર હતા ન મૂળ પ્રકૃતિ ઉત્પન્ન થઈ હતી. તે સમયે આપણા બ્રહ્માત્માઓની સાથે

કઈ ઘટના ઘટિત થઈ તેની હકીકત હું સવિસ્તાર વર્ણન કરું છું.

સુંદરસાથજી ! હવે ધ્યાન આપવા યોગ્ય વાત એ છે કે આ દશ્યમાન જગતને શાસ્ત્રમાં મૃત્યુલોક(ભૂ:લોક) કહ્યો છે. શાસ્ત્રોના અનુરૂપ મૃત્યુલોકની નીચે આ પ્રકારના સાત લોક છે જેને સાત પાતાલ(અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ તથા પાતાળ) કહે છે તથા આ મધ્યભાગ મૃત્યુલોકથી ઉપર છ સ્વર્ગ(ભુવર્લોક, સ્વર્ગ લોક, મહર્લોક, જનલોક, તપલોક તથા સત્યલોક) છે.

મૃત્યુલોકને કર્મભૂમિ કહી છે. અહીં જીવ જેવું કર્મ કરે છે તેને તેવા પ્રકારનો લોક પ્રાપ્ત થાય છે. જો મૃત્યુલોકમાં મનુષ્ય શુભકર્મ, ઉદત્તભાવના અને શુદ્ધ વિચારથી ઓતપ્રોત થઈને જીવન પસાર કરે છે તો તેને મૃત્યુલોકની ઉપર જેને ઉત્તમ(ઉચ્ચ) લોક કહે છે તે પ્રાપ્ત થાય છે. જો અહીંયાં તેઓ અશુભ કર્મ, અશુભ ભાવના અને નિકૃષ્ટ વિચારપૂર્ણ જીવન પસાર કરે છે તેને શાસ્ત્રો મુજબ નિમ્ન(અધમ) લોક પ્રાપ્ત થાય છે. પુણ્ય અને પાપનો ક્ષય થવાથી જીવ ફરીથી મૃત્યુલોકમાં જન્મધારણ કરે છે. જેથી જીવને ફરીથી શુભાશુભ કર્મ કરવાનો અવસર પ્રાપ્ત થાય છે.

આ રીતે વિરાટ પુરુષના વિશ્વરૂપમાં ૧૪ લોક વિદ્યમાન છે. ચૌદલોકમાં બધાથી ઉપર સત્યલોક છે. આ લોકના મધ્યભાગમાં ભગવાન વિષ્ણુનું વૈકુંઠ ધામ છે. ડાબી તરફ ભગવાન શંકરનું કૈલાશ ધામ તથા જમણીબાજુ ભગવાન બ્રહ્માજીની બ્રહ્મપુરી શોભાયમાન છે. ઉપરોક્ત ચૌદલોક(પાતાલ થી સત્યલોક પર્યન્ત) અષ્ટાવરણ(પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ તથા અહંકાર) થી ઘેરાયેલું છે. જેમકે,

**ભૂમિ રાપોડનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ ।**
**અહંકાર ઈતીયં મેં ભિન્ના પ્રકૃતિરષ્ટધા ॥**

આઠ આવરણોથી બંધાયેલા પૂર્વોક્ત બ્રહ્માંડની ઉપર વ્યષ્ટિ પ્રણવનું સ્થાન છે જેને જ્યોતિ સ્વરૂપ કહેવામાં આવે છે. જ્યોતિ સ્વરૂપથી પણ ઉપર જ્ઞાન શક્તિ ગાયત્રીનું સ્થાન છે. ગાયત્રીથી ઉપર મહતત્ત્વ છે. એનાથી પર

શૂન્ય નિરાકાર છે. એનાથી પર આદિનારાયણ બિરાજમાન છે. જેને મહાવિષ્ણુ પણ કહે છે. અહીં સુધી ક્ષર બ્રહ્માંડ કહેવામાં આવે છે. ક્ષય તથા વિનાશશીલ હોવાથી જ એને ક્ષર કહે છે.

મહામતિ શ્રી પ્રાણનાથજીએ ચોપાઈમાં કહ્યું કે જ્યારે મોહ અને અહંકારની ઉત્પત્તિ થઈ ન હતી અને શૂન્ય નિરાકાર, નિર્ગુણ તથા નિરંજનની પણ ઉત્પત્તિ થઈ ન હતી. ન તો ઈશ્વર હતા ન મૂળ પ્રકૃતિ ઉત્પત્તિ થઈ હતી. તે સમયની હું વાત કહું છે. જ્યારે કાંઈ પણ ન હતું તો શું હતું ? જે મહામતિ કહી રહ્યા છે. તે ધ્યાનથી સાંભળો. જ્યારે ઉપરોક્ત ક્ષર બ્રહ્માંડનું કોઈ અસ્તિત્વ જ ન હતું ત્યારે પણ એક પરમ સત્ય અવિનાશી અક્ષર બ્રહ્મનું પરમ અસ્તિત્વ હતું.

અક્ષર બ્રહ્મ આ સમસ્ત સૃષ્ટિના કારણ સ્વરૂપ છે. જેના નેત્રભ્રમણ માત્રથી એવા એકાદ બે નહીં પરંતુ કરોડો બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે તથા લયને પ્રાપ્ત થઈ જાય છે. આવા કરોડો બ્રહ્માંડોને બનાવવા તથા મટાડવા અક્ષર બ્રહ્મની બાલ સહજ ક્રીડા માત્ર છે. બાળકો રમત કરતી વખતે રેતીના મકાનો, દુકાનો ભાવપૂર્વક બનાવે છે પરંતુ જ્યારે તેની મા તેને ભોજન માટે બોલાવે છે ત્યારે લાગણીપૂર્વક બનાવેલું ઘર વેરબિખેર કરી માની પાસે ચાલ્યો જાય છે. આ જ બાળકોની બાલસહજ ક્રીડા છે. આવી જ રીતે અક્ષર બ્રહ્મ દ્વારા બ્રહ્માંડોની ઉત્પત્તિ તથા લય એવી જ બાલ સહજ ક્રીડા માત્ર છે. ઉપરોક્ત બે પુરુષ ક્ષર તથા અક્ષર પુરુષના વિષયમાં શ્રી કૃષ્ણજી કહે છે.

**દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષર એવ ચ ।**
**ક્ષર સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોઽક્ષર ઉચ્યતે ॥**

અર્થાત્ આ લોકમાં ક્ષર(નશ્વર) અને અક્ષર(અવિનાશી) આ બે પુરુષ પ્રસિદ્ધ છે. સમસ્ત ભૂત ક્ષર(પરિવર્તનશીલ) અને અક્ષર પુરુષ સદાનિત્ય તથા અખંડ છે જેને કૂટસ્થ પણ કહે છે. મહાભારતમાં કહ્યું છે.

**અક્ષરં ધ્રુવમેવોક્તં પૂર્ણં બ્રહ્મ સનાતનમ્ ।**
**કૂટસ્થં ચૈવ નિત્યં ચ યદ્ વદન્તિ પુરાવિદઃ ॥**

અર્થાત્ અક્ષર અવિનાશી તત્ત્વને જ કહેવામાં આવેલ છે, જે પૂર્ણ તથા

સનાતન છે તેને તત્ત્વજ્ઞ મહાપુરુષ કૂટસ્થ તથા નિત્ય પુરુષ કહે છે. જેના અંગસ્વરૂપ હોવાથી અક્ષરને પણ અખંડ તથા નિત્ય માનવામાં આવેલ છે. આવા સર્વ સમર્થ નિત્ય અવિનાશી અક્ષરબ્રહ્મ પણ જેમની આજ્ઞાનું પાલન કરે છે, જેના દરરોજ દર્શન કરવા તેમના ધામમાં જાય છે તેમને અક્ષરાતીત બ્રહ્મ(ઉત્તમ પુરુષ) કહે છે.

**ઉત્તમ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ । ગીતા ૧૫**

અર્થાત્ સમસ્ત કારણોના પણ કારણ, સચ્ચિદાનંદ સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા, પૂર્ણ પુરુષોત્તમ આ બે(ક્ષર તથા અક્ષર) પુરુષથી સર્વથા ભિન્ન તથા સર્વગુણ સંપન્ન નિત્ય શુદ્ધમુક્ત સ્વભાવના છે. જે સમસ્ત ચેતનાઓનું કેન્દ્રબિંદુ છે. આ વાતની પુષ્ટિ કરતાં મહામતિ શ્રી પ્રાણનાથજી કહે છે,

**સાત લોક તલે જીમી કે, મૃત્યુ લોક હૈ તિન પર ।**
**ઈન્દ્ર બ્રહ્મા રુદ્ર બીચ મેં, ઊપર વિષ્ણુ વૈકુંઠ ઘર ॥**

**નિરાકાર વૈકુંઠ પર, તિન પર અક્ષર બ્રહ્મ ।**
**અક્ષરાતીત બ્રહ્મ તિન પર, યોં કહે ઈસે કા ઈલમ ॥**

**(ખુલાસા)**

અર્થાત્ સદ્‌ગુરુનું તારતમ જ્ઞાન સુસ્પષ્ટ કરે છે કે જે ક્ષર(ચૌદલોક બ્રહ્માંડ, અષ્ટાવરણ, જ્યોતિસ્વરૂપ, ગાયત્રી શક્તિ, શૂન્ય નિરાકાર તથા આદિનારાયણ સુધી) તથા અક્ષરથી પણ પર છે તે પૂર્ણબ્રહ્મ પરમાત્મા અક્ષરાતીત શ્રી કૃષ્ણ છે. મહામતિ શ્રી પ્રાણનાથજીએ પૂર્વોલેખિત 'અબ સુનિયો મૂલ વચન પ્રકાર.........તા દિનકી કહૂં આપાબીતી' ચોપાઈ દ્વારા ઉપરોક્ત પૂર્ણબ્રહ્મ પરમાત્માની સાથે બ્રહ્માત્માઓની ઘટેલી ઘટના તથા વિગત કહેવાની વાત કહી છે.

સુંદરસાથજી, વીતક યાત્રાનો આ પ્રથમ પડાવ છે, શેષ આગામી અંકમા.....પ્રણામ ।

# મેળા-ઉત્સવોની ઉપાદેવતા

**શ્રી મોહન પ્રિયાચાર્યજી મહારાજ - કાલિંપોંગ**

ભારત દેશ ઉત્સવ પ્રિય દેશ છે. ઋષિકાળથી અહીં ધાર્મિક ઉત્સવ તથા તહેવારો ઉજવવાની સ્વસ્થ પરંપરા છે. કુંભ મેળો વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળો માનવામાં આવે છે. મહામતિ શ્રી પ્રાણનાથજી વિ. સંવત ૧૭૩૫ માં હરિદ્વારના મહાકુંભ મેળામાં પધાર્યા હતા. શ્રી દેવચંદ્રજી મહારાજના સમયથી જ પ્રણામી સમાજમાં મેળા-ઉત્સવો પ્રારંભ થઈ ગયા હતા જેનો મહામતિ શ્રી પ્રાણનાથજીએ અધિક વિસ્તાર કર્યો. તેઓ સદ્ગુરુના નામથી મેળો કરવા ઈચ્છતા હતા પરંતુ ષડ્યંત્રના કારણે તેમને નજરબંધ કરી દેવામાં આવ્યા. નજરબંધને તેઓશ્રી પ્રબોધપુરી માનતા હતા. ત્યાં જ રાસ, પ્રકાશ, ષટ્ઋતુ તથા કલશ ગ્રન્થોનું અવતરણ થયું. મહામતિ જાગણીનો શંખનાદ ફૂંકતા દીવબંદર પહોંચ્યા. ત્યાં જાગણી થઈ અને મેળો-ઉત્સવ મનાવવામાં આવ્યો. આ રીતે તેઓએ ઠઠ્ઠાનગર, મસ્કત, અબ્બાસ, નલિયા, સુરત, સિદ્ધપુર, મેડતા, દિલ્હી, હરિદ્વાર, ઉદયપુર, ઉજ્જૈન, ઔરંગાબાદ, રામનગર તથા પન્નામાં મેળો કર્યો. પન્નાનો મેળો જાગણીરાસ નો મેળો હતો.
**'ઠૌર ઠૌર થાને દિએ, મેલા હુઆ મધ્ય દેશ'**

આ રીતે આપણી ત્રણેય પુરીઓમાં વાર્ષિક મેળો થવા લાગ્યો. **શ્રી પ્રાણનાથ જયંતી-જામનગરમાં, શ્રી બાઈજીરાજ જયંતી-સુરતમાં** તથા **સદ્ગુરુ દેવચંદ્રજી જયંતી અને શરદોત્સવ-પન્નામાં** પ્રત્યેક વર્ષે મેળાના રૂપે મનાવવામાં આવે છે. બધા પ્રણામી મંદિરોમાં વાર્ષિક ઉત્સવો થવા લાગ્યા. બાળકોની વાર્ષિક પરીક્ષાની જેમ વાર્ષિક મેળામાં પ્રાંત-પ્રાંતના સુંદરસાથને પરસ્પર મળવાનો, ધર્મચર્ચા કરવાનો તથા સાથે ભોજન-પ્રસાદ લેવાનો મોકો મળે છે. આથી પરસ્પર પ્રેમ તથા સંગઠન વધે છે. એક કવિએ કહ્યું કે,

**મેલા મેલા સબ કોઈ કહે, સબ મેલે મેં જાહીં ।**
**મતલબ ક્યા હૈ મેલેકા, કોઈ સમજત નાહીં ।।**

**સાથજી વહ ભી મેલા થા, જો હમ મૂલ મિલાવે મેં બૈંઠે હૈ ॥**

હળીમળીને રહેવું, ભોજન-ભજન કરવું, પરસ્પર ભાઈચારો વધારવો, આજ મેલાનું તાત્પર્ય છે. ગુરુજી મંગલદાસજી કહેતા હતા, અહીંયાં મેળો કરશો તો પરમધામમાં મૂળમિલાવાનો મેળો મળશે. કોઈ અન્ય કવિએ કહ્યું,

**મન મળે તો મેલા, ચિલ્લા મિલે તો ચેલા, નહીં તો સબસે ભલા એકલા ।**

આપણું મન મળે, મતભેદ દૂર થાય, મિલાપ વધારે હોય, પરસ્પર સુંદરસાથ-ભાવ પ્રગટ થાય, આજ મેળાનો વાસ્તવિક અર્થ છે. મેળામાં અધિક ધર્મચર્ચા થવી જોઈએ. આપણને આપણા નિજઘરનું સ્મરણ થવું જોઈએ. સત્સંગ, સેવા તથા સ્મરણ આ મેળાનો મૂલમંત્ર છે. મેળો કોઈ મનોરંજન નથી આ તો મનોમંથન છે. મેળાની સાર્થકતા છે જાગણી. આપણો આત્મા જાગે અને પરમાત્માની ભક્તિમાં સંલગ્ન થાય આ પ્રકારે સમૂહ જાગણીનું કાર્ય મેળાથી જ સંભવ છે.

કેટલાંક મેળામાં પૂજા તથા ભંડારાને જ મહત્ત્વ આપવામાં આવે છે. તે પૂર્ણ મેળો નથી. મેદની એકત્રિત કરવાથી આત્મ જાગૃતિ થતી નથી. આથી આપણે જ્ઞાનવર્ધક મેળાનું આયોજન કરી ગુણાત્મક વિકાસ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ ન કે સંખ્યાત્મક.

વર્ષ ૨૦૧૦ પ્રણામી સમાજમાં મેળાનું વર્ષ છે. સર્વ જાગણી તથા પ્રાણનાથજીની વાણીનો પ્રચાર-પ્રસાર થાય બધાનું એકમાત્ર લક્ષ્ય હોય તો નજીકના ભવિષ્યમાં પસરસી ચૌદે ભવન સાર્થક થશે. બધાનું જીવન ભક્તિ અને પ્રેમભાવમાં ભરાઈ જશે.

**શ્રી તારતમ સાગર મૂલ તથા અર્થની સાથે online વાંચવા માટે જુઓ :**

**www.shritartamsagar.org**

# લીલા નવતનપુરી વિસ્તાર

ધર્મભૂષણ, કુંજબિહારીસિંહ કુશવંશી (ઈટાવા, ઉ.પ્ર.)

શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ, નિજાનંદ સમ્પ્રદાય અખિલ બ્રહ્માંડની અનુપમ ધરોહર છે. કારણ કે, અખિલ બ્રહ્માંડને એમના દ્વારા જ અખંડ બ્રહ્મજ્ઞાન રાશિનું દિગ્દર્શન તથા અખંડ મોક્ષનું દ્વાર પ્રાપ્ત થયું છે. મહામતિશ્રી પ્રાણનાથજી પ્રણીત શ્રી તારતમ સાગર સ્વસં વેદની નિમ્ન વાણી બધાના આત્મ ચક્ષુ ખોલવામાં સમર્થ છે.

**સબ સંસેકો કિયો નિરવાર, કોઈ સંસા ના રહ્યા વારકે પાર ।**
**રૌસન કરૂં લેઊં હુકુમ બજાએ, બ્રહ્મસૃષ્ટિ ઔર દુનિયાં દેઊં જગાએ ॥**
**દ્વાર તોબાકે ખુલે હૈં અબ, પીછે તો દુનિયા મિલસી સબ ॥**

અર્થાત્ સમગ્ર સંશયોનું નિવારણ થઈ ગયું છે. જગત, માયા અને બ્રહ્મ પરબ્રહ્મના વિષયમાં કોઈ શંકા શેષ રહી નથી. હવે (હું) વાણીના પ્રકાશથી પરબ્રહ્મ પરમાત્માના હુકમને સમગ્ર સંસારમાં પ્રકાશિત કરીશ. આથી સમસ્ત બ્રહ્માત્માઓ અને સંસારના લોકોને ભ્રમની નિંદરમાથી જગાડી દઈશ. હવે પ્રાયશ્ચિતનું દ્વાર ખુલ્લી ગયું છે અને આપણી સમગ્ર દુનિયા આ જ્ઞાનના માધ્યમથી એકાકાર થઈ જશે. અર્થાત્ આ સત્ જ્ઞાનનો લાભ સમગ્ર દુનિયાને પ્રાપ્ત થઈ જશે.

આવા અનુપમ, પરમ પાવન શ્રીમદ્તારતમ સાગરની પ્રાકટ્ય ભૂમિ જામનગરમાં વિદ્યમાન સમગ્ર બ્રહ્માંડમાં ઉત્તમ શ્રી ૫ નવતનપુરી ધામની પાવન ધરામાં થઈ છે. આ પાવન ભૂમિનું મહાત્મ્ય આ અપૌરુષેય વાણીમાં વિદ્યમાન છે. જે ધર્મપ્રેમમી તથા વાણીના અધ્યયન કરવાવાળા સુજ્ઞ સુંદરસાથજીને ઓછા વધતાં પણે જાણકારી છે. આથી આપણે અહીંયાં નવરંગવાણીના દ્વારા કેટલીક જાણકારી પ્રાપ્ત કરીએ. જેમાં નવતનપુરીનું મહાત્મ્ય વિદ્યમાન છે. નવરંગ વીતક પ્રકરણ ૮ માં ધામ માહાત્મ્યનું વર્ણન નીચે મુજબ છે,

**સાથ તત્ત્વ સમ્બન્ધી સાર, લીલા નૌતનપુરી વિસ્તાર ।**
**લીલા વ્રજ જીવનકી જેતી, હુઈ નૌતનપુરીમેં તેતી ॥**

પરમ પાવન નૌતનપુરીની લીલાનો વિસ્તાર અસીમિત છે. જેમાં આત્મ સંબંધી સાથીઓ માટે સાર તત્ત્વ સંનિહિત છે. વ્રજમંડળમાં જેવી લીલા થઈ હતી, તે લીલાનું પુનરાવર્તન નવતનપુરીમાં થયું હતું.

**લીલા રાસ કેરી સુખકારી, નૌતનપુરી ભઈ તે સારી ॥૩**

**લીલા મૂલ સ્વરૂપ કી જેહી, નૌતનપુરી ભઈ જો તેહી ॥૪**

અખંડ સુખોથી ભરપૂર રાસલીલા અખંડ વૃન્દાવનમાં થઈ હતી, તે સમગ્ર લીલા ફરીથી નૌતનપુરીમાં થઈ.

**યહ લીલા મૂલ સ્વરૂપ પ્રગટ પ્રકાશ, લીલા નિત્યાનન્દ વિલાસ।**
**લીલા બાલ પૌગંડ કિસોર, હોય નૌતનપુરી મેં જોર ॥**

નૌતનપુરીધામમાં પંચસ્વરૂપનો પ્રકાશ ફેલાયો, જેમાં પ્રાણી માત્રને લીલા વિલાસમાં નિત્યાનંદની સાક્ષાત્ અનુભૂતિ થઈ, વ્રજમાં સમ્પન્ન શિશુ, બાલ અને કિશોરાવસ્થાવાળી લીલાઓનું જોર શ્રી નવતનપુરી ધામમાં (સદ્‌ગુરુ શ્રી નિજાનંદ સ્વામી દેવચંદ્રજી મહારાજના સમય વિ.સં. ૧૬૮૭-૧૭૧૨ સુધી) સુંદરસાથની વચ્ચે થઈ. વાણી અવતરણકાળમાં પણ લીલાઓનું પુનરાવર્તન થયું.

**વ્રજ જીવન નટવરનાથ, વિલસે નૌતનપુરીને સાથ ॥ ૭**

**દધિ દૂધ માખણ કૈ ભાંત, વલી કઈ આવે રે સાક્ષાત ॥ ૮**

વ્રજવાસિયોના જીવનધન વ્રજવિહારી નટવરનાથ હતા, તે જ નૌતનપુરીમાં સુંદરસાથ બ્રહ્માત્માઓની સાથે નિત્યવિલાસ કરતાં રહ્યા. સખીઓને અહીં સ્વામી વ્રજાધિપતિ સાક્ષાત્સ્વરૂપમાં દૂધ, દહીં, માખણ વગેરે લાવીને (નવતનપુરીમાં) આપતાં હતા.

**મહી માટે અનેક વિલોકે ઘમ ઘમ મહાસુર બોલે ॥ ૯**

**ઘટ પર ચઢે, લોક પેખે, સબદ સુને પુન દ્રષ્ટ ન દેખે ॥ ૧૦**

અનેક ગોપીઓ દહીં મંથન કરતી, જે મંથનના ઘમ ઘમના સૂરીલા સ્વરો ચારે તરફ કાનમાં ગુંજતા હતા. આ સ્વરો સાંભળી આસપાસના પાડોશીઓ અગાસીઓ ઉપર ચઢીને જોતાં, પરંતુ શબ્દો સંભળાતા પણ દૃષ્ટિમાં કંઈ આવતું નહીં.

**કે મેવા મિઠાઈ અનેક, નીલા લવંગ સોપારી વિસેક ।। ૧૧**

**ચિત્રની જમુનાજી માહેં, જલ ખલક્યા અદ્‌ભત તાહેં ।। ૧૨**

અનેક પ્રકારની મેવા-મીઠાઈઓ અને લવીંગ, સોપારી વગેરે પણ લીલામાં વિદ્યામાન થઈ જતાં હતાં. એકવાર સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજ જયારે સુંદરસાથને જમનાજીના વિષયમાં સમજાવી રહ્યા હતા, ચિત્રના માધ્યમથી તો ચિત્ર દોરતાં જ તેમાંથી પ્રબળ જલધારાની સાથે પાવનમાં પાવન જમનાજીનું સ્વરૂપ પ્રકટ થયું. સુંદરસાથ હર્ષોલ્લાસપૂર્વક આ પવિત્ર જમનાજીનું પાન તથા સ્નાન કરવા લાગ્યા. આ પવિત્ર જમનાજી આજે લોકોને પાવન કરી રહી છે.

**ઘર ઘર દરસન દિયે નિત, વાલો વિલસે અનેક વિધિ પ્રિત ।। ૧૩**

**વ્રજમેં વિલસ્યો જિન ભાંત, નૌતનપુરી વિલસ્યો દિન રાત ।। ૧૪**

હંમેશા પ્રત્યેક ઘર ઘરમાં દર્શન થતાં અને અનેક રીતે સ્વામી પ્રેમ-વિલાસ કરતાં, આ રીતે જેમ વ્રજરાજને વ્રજમાં લીલા વિલાસ કર્યો એવી જ રીતે તેઓએ રાત-દિવસ નૌતનપુરીમાં સુંદરસાથની સાથે વિલાસ કર્યો.

**દરસન દિયો રૂપ અનેક, કરે લીલા વિવિધ વિસેક ।। ૧૫**

**દૈવત દેખાયા કૈ વિધ, રસરૂપ સાગર સુખ સિંધ ।। ૧૬**

નૌતનપુરીમાં પરબ્રહ્મ પરમાત્મા અક્ષરાતીત શ્રી કૃષ્ણે અનેક લીલાઓના માધ્યમથી સુંદરસાથને વિવિધ પ્રકારના દર્શન આપીને ધન્ય બનાવ્યા. આ રીતની અનેક પ્રકારની વિશેષ લીલાઓ આ પાવન ધામમાં થઈ અનેક પ્રકારથી લીલાનું દૈવત (બલ-શક્તિ) દેખાડ્યું અને લીલા રસથી વિવિધ સ્વરૂપનું દરિયા સુખ સાગરના રૂપે સંચરિત થતું રહ્યું.

**વ્રજ રાસ કી લીલા ગાએ, તારતમ કબહૂં નેક લખાએ ।। ૨૩**

**વ્રજ રાસકો પ્રેમ લખાતી, તારતમેં સ્વરૂપ દિખાવી ।। ૩૧**

સુંદરસાથની વચ્ચે સદ્ગુરુ ધણી શ્રી દેવચંદ્રજીએ વ્રજ અને રાસની અલૌકિક લીલાઓનું ખૂબ ગાયન અને વચ્ચે વચ્ચે નેક તારતમ સ્વરૂપની ઝલકનું પણ દર્શન કરાવતાં રહ્યા. વ્રજ અને રાસના અનુપમ પ્રેમ લીલાની ચર્ચા દ્વારા સુંદરસાથને ખૂબ દિગ્દર્શન કરાવ્યું અને તારતમના સાક્ષાત્સ્વરૂપને પણ પ્રત્યક્ષ દેખાડ્યું.

**વ્રજ રાસ અખંડ બતાવી, દોઊ લીલા મૂલ લખાવી ।। ૩૪**

**લીલા સાથ તણા સુખ દીધાં, જનમ ધંન ધંન સાથના કીધા ।। ૩૫**

વ્રજરાસની અખંડ લીલાને સદ્ગુરુ ધણી શ્રી દેવચંદ્રજીએ નવતનપુરીમાં ઘણી સમજાવી અને બન્ને લીલાઓના મૂળ સ્વરૂપને તેઓએ અહીં બધાને પ્રત્યક્ષ દેખાડ્યું. આ રીતે નવતનપુરીધામમાં સુંદરસાથને વ્રજ, રાસ, તથા જાગણીલીલાની સુખાનુભુતિ પ્રાપ્ત થઈ.

**એ કહી ધની કી મેં કહી, બ્રહ્મસૃષ્ટિ લખો એ સહી ।। ૧૦૦**

**શ્રી સુંદરસાથ ઈન્દ્રાવતી સંગે, નિત નવલ રંગ નવરંગે ।। ૧૦૧**

સ્વામી મુકુંદદાસજી (નવરંગ)કહે છે કે મેં આ ચર્ચા ધામધણી અક્ષરાતીત શ્રી કૃષ્ણજીની આજ્ઞાથી કહી છે, આ કથા ચર્ચાનો વાસ્તવિક રૂપે બ્રહ્મસૃષ્ટિ સુંદરસાથ જ દૃષ્ટિપાત કરી શકે છે. નિત્યનૂતન રંગ રસભરી લીલાઓથી ઓતપ્રોત શ્રી સુંદરબાઈ અને ઈન્દ્રાવતીજીના સાનિધ્યમાં નવરંગ તરબોળ છે.

સ્વામી શ્રી નવરંગજીએ શ્રી નવતનપુરીધામમાં થયેલી લીલાઓનું વર્ણન લઘુ વીતક ગ્રન્થમાં ચિત્રણ શૈલીમાં ઘણી જ સારી રીતે કર્યું છે, આનાથી આ ધામના માહાત્મ્યને હૃદયમાં આત્મસાત કરી શકાય છે અને રાસની લીલાઓનું આ પાવન ભૂમિમાં પુનરાવર્તન થવું વાણી અને વીતકથી સ્વયં સિદ્ધ થાય છે. વાણી અવતરણના સમયે પણ પ્રબોધપુરી(હબ્સા-

કારાગાર)માં આ લીલાઓનું અવતરણ થવું પ્રણામી વાઙ્મયમાં પ્રમુખપણે ઉલ્લેખ થએલો મળે છે.

જગતના જીવો લીલા નવતનપુરી વિસ્તારના સ્વરૂપને તારતમ જ્ઞાન વગર અંતઃકરણમાં ધારણ કરી શકે નહીં, પરંતુ અહીંના રજકણનું સાન્નિધ્ય મેળવીને પોતાનું જીવન અવશ્ય ધન્ય કરી લે છે. વ્રજ અને રાસની લીલાઓથી તરબોળ આ ધરતી બ્રહ્માંડમાં અદ્વિતીય છે. જગતના જીવો અહીં આવીને ધન્ય ધન્ય થઈ જાય છે. અહીંયા હંમેશાં વ્રજ, રાસનો આનંદ વરસતો રહે છે. નિમ્ન વાણી મનનીય તથા સેવનીય છે.

વ્રજ રાસકો પ્રેમ લખાવી, તારતમેં, સરૂપ દિખાવી ।।

તીરથ શ્રી જમુનાજી સુહાએ, ફલ હમ નિત્ય વિહારે પાએ ।।

ખરું જોતાં શ્રી ૫ નવતનપુરીધામનો અનંત મહિમા ઉપરોક્ત વાણી વચન આજે પણ મુખરિત કરી રહ્યા છે. નિમ્ન વચન આજે પણ ગુહ્ય રહસ્યને આત્મસાત્ કરાવવા માટે સક્ષમ છે. એ કહેવું સર્વથા યોગ્ય છે કે વ્રજ-રાસની અદ્વિતીય ભૂમિકાને નવતનપુરીમાં ધામધણીએ સાક્ષાત્સ્વરૂપમાં પ્રગટ કરી છે. આ કારણે જ મહામતિ સ્વામીશ્રી પ્રાણનાથીજીએ હરિદ્વાર ધર્મવિજયના વખતે 'પુરી નવતન મમ જોય'ની ઉદ્‌ઘોષણા કરી. આ વચનો ખરેખર અત્યંત મનનીય છે.

**જબ થે તારતમ ધની લ્યાએ, ગુપ્તાગુપ્ત આપ સુહાએ ।। ૨૩**

**યોં લીલા વ્રજમેં કીની, કૃષ્ણ પ્રિયા ગોપીને ચીની ।। ૨૪**

**જો કૃષ્ણ પ્રિયા પહિચાની, સો કુમારીકા નહી જાની ।। ૨૫**

**જો કુમારીકા કો લખાઈ, સો બલભદ્ર ન હી વાઈ ।। ૨૬**

**બલભદ્ર લખી વિદ જેહી, નન્દ જસોમતી જાને ન તેહી ।। ૨૭**

**નન્દ જસોમતી જે પાયો, સખા સુદામાકો ન લખાયો ।। ૨૮**

**જો રાધા સબોને દેખી, સો વ્રજવાસી નહી પેખી ।। ૨૯**

**જો વ્રજવાસી ભેદ ન જાને, સો મધુપુરકે નહીં માને ।। ૩૦**

જો ગરગાચારજ લખી પાવને, તો વ્રજ છોડ કહીં નહીં જાવે ।। ૩૧
પ્રાક્રમ સમ્બન્ધ થા જૈસો, તાને સરૂપ પહિચાનો તૈસો ।। ૩૨
જાસૂ સમ્બન્ધ થા જૈસો, તાને સ્વરૂપ પહિચાનો તૈસો ।। ૩૩
જો જૈસો હૈ અધિકારી, તિન તૈસી લીલા વિચારી ।। ૩૪

ઉપરોક્ત વીતક વચનોથી શ્રી ૫ નવતનપુરી ધામના માહાત્મ્યને અને અહીંયા સંપન્ન થએલી વ્રજ-રાસની લીલાઓને સારી રીતે હૃદયંગમ કરી શકાય છે.

પરમહંસ સ્વામી મુકુંદદાસ નવરંગ દ્વારા પ્રણીત વીતકથી લીલા નવતનપુરી વિસ્તારનું વર્ણન જગતના જીવોને ઉર્ધ્વમુખી જીવન પથ પર અગ્રેસર બનાવવામાં પરમ શ્રેયકર છે. સુંદરસાથની વચ્ચે આ પાવન પુરીનું માહાત્મ્ય હંમેશા-હંમેશા માટે અમિટ બનીને રહી ગયું છે. આ મહિમાવાન ભૂમિના મહાત્મ્યને કિંચિત શબ્દોમાં વર્ણન કરવું અસંભવ છે આથી સ્થાનાભાવને કારણે આજે આટલામાં જ મારી કલમને વિરામ આપી આ પાવન ધરાને શત શત પ્રણામ

# ખોયું અમોલખ ટાણું

સોંપ્યું સઘળું શ્યામ તમોને મન મંદિર પણ દીધું,
કળા ન જાણું સમર્પણની કેમ જાણું તેં લીધું.

હું અજ્ઞાની આંખવિહોણો સ્તુતિ પણ નવ જાણું,
માયા-જાળે મોહી ફસાઈ, ખોયું અમોલક ટાણું.

કામ, ક્રોધ ને મદ-મત્સરના પંજામાં સપડાણો,
અગણિત તુજ ઉપકાર ભુલાણા પારસ સમજ્યો પાણો.

જેવો તેવો પણ બાળ તમારો આશરો મુજને આપો,
શાન્ત ઉછળતી સ્નેહ સરિતા મારગ મળવા આપો.

છોરું-કછોરું થાય કદી પણ બાપ ન અળગો કરતો,
પુનિત હરિ તવ વિનતી કરીને ચરણે ચૂમીઓ ભરતો.

# સપ્તાંગ

**સાત સમુદ્ર :** લવણ, ઈક્ષુ, સુરા, ઘૃત, દધિ ક્ષીર, મીઠાજલ.

**સાત દ્વીપ :** જમ્બુદીપ, પ્લક્ષદીપ, શાલ્મલીદીપ, કુશદીપ, ક્રૌશદીપ, શાકદીપ અને પુષ્કરદીપ.

**સાત પેગમ્બર :** આદમ, નૂહ, મૂસા, ઈબ્રાહીમ, અલીયુક્ત, મહમ્મદ અને ઈસા.

**જ્ઞાનની સાત ભૂમિકા :** શુભેચ્છા, વિચારણા, તનુમાનસા, સત્વાપત્તિ, અંસસક્તિ, પદાર્થભાવના અને તુર્યગા .

**સાત પદાર્થ (વસ્તુ) ન્યાય દર્શનના મુજબ :** દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ

**સપ્ત ઋષિ :** કશ્યપ, અત્રિ, જમદાગ્નિ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ અને ભારદ્વાજ.

**સપ્ત સ્વર :** ષડ્જ, ઋષભ, ગન્ધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ.

**સપ્તછન્દ :** ગાયત્રી, ઉષ્ણિક, અનુષ્ટુપ, વૃહતી, ત્રિષ્ટુપ અને જગતી.

**સપ્ત પર્વત :** શુક્લ, ઉપવર્હિ, વર્ધમાન, અનલ, ભોજન, નન્દન અને સર્વ તોભદ્ર.

**સપ્ત નાડી :** હસ્ત, જિહ્વા, ગન્ધારી, પૂખા, અસ્વા, અલંબુખા, કુહુ અને સંખિની.

**સપ્ત ધાતુ :** રસ, લોહી, માંસ, મેદ, હડ્ડી, મજ્જા અને વીર્ય.

**સાત સ્વરૂપ :** પાંચ શ્રૃંગાર પરમધામના અને બે શ્રૃંગાર રાસના .

**ક્યામતના સાત નિશાન :** આજૂજ-માજૂજ, દાભાતલ અર્જ, અસરાફીલ, દજ્જાલ, મગરબથી સૂર્ય ઉદય થવો, ઈમામ અને ઈસા.

**રાજાના સાત અંગ :** રાજ્ય, મંત્રી, મિત્ર, કોશ, દેશ, કિલ્લા અને સેના.

**રામાયણના સાત કાંડ :** બાલ કાંડ, અયોધ્યા કાંડ, અરણ્ય કાંડ. કિષ્કિન્ધા કાંડ, સુંદર કાંડ, યુદ્ધ કાંડ અને ઉત્તર કાંડ.

**સાત વાર :** રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ.

**મેઘ ધનુષના સાત રંગ :** લાલ, વાદળી, પીળો, કેસરી, લીલો, કાળો અને સફેદ.

**સાત અવગુણ :** કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, હિંસા અને લાલસા.

**સંકલન- યોગેન્દ્ર ઉપ્રેતિ**

# સમાચાર દર્પણ

(૧) પૂજ્યપાદ જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ હરિદ્વાર ખાતે ધર્મસભામાં હાજરી આપવા માટે તા. ૨૫-૦૨-૨૦૧૦ ના રોજ વહેલી સવારે અમદાવાદ સુધી મારુતી કારમાં જતાં કુવાડવા અને ચોટિલાની વચ્ચે ધુમ્મસના કારણે કારને ટેન્કર સાથે અથડાવાથી અકસ્માત થયેલ, પરંતુ આ અકસ્માતમાં પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, શ્રી કૃષ્ણ શાસ્ત્રી અને ડ્રાઈવર વિનોદ શર્માને સામાન્ય ઈજાઓ થયેલી. શ્રી રાજજીની અસીમ કૃપાથી પૂ.મહારાજશ્રી તથા બીજા બધાં ગંભીર ઈજાથી બચી ગયા.

આ અકસ્માતના સમાચાર જાણી, ટ્રસ્ટીઓ, આગેવાન સુંદરસાથજી, રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો, ધાર્મિક વડાઓ અને સુંદરસાથજીએ રૂબરૂ તેમજ ફોન દ્વારા સમાચાર પૂછી શુભેચ્છા પાઠવી છે. જે અંગે સંસ્થા તમામનો ઋણ સ્વિકાર કરે છે.

(૨) ઐતિહાસિક મહિલા અનામત બીલ રાજ્ય સભામાં પસાર. રાજ્યસભામાં મંગળવારે અનોખો ઈતિહાસ રચાયો હતો. છેલ્લાં ૧૪ વર્ષથી અભરાઈએ ચઢાવી દીધેલા અત્યંત મહત્ત્વકાંક્ષી મહિલા અનામત ખરડાને રાજ્યસભાએ ૧૮૬ વિરુદ્ધ એક મતથી પસાર કર્યો. વિશ્વના દેશોમાટે આ ખરડો મિશાલ બનશે.

(૩) સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત જામનગરના ચાર વાર્ડોમાં સફાઈ હરીફાઈ યોજાઈ. દરેક દુકાનોમાં ડસ્ટબીન તથા સફાઈ અંગેની પત્રિકાનું વિતરણ.

(૪) લાંબું અને સ્વસ્થ જીવન જીવવું હોય તો દિલથી હસો. મુક્ત હાસ્યથી રોગ પ્રતિકાર શક્તિ વધે છે, પાચન તંત્ર સુધરે છે. વધુ સ્મિત કરનાર લોકો સરેરાશ ૮૫-૯૦ વર્ષ જીવે છે. આપણા સમાજમાં વર્ષો જુની કહેવત છે, **'હસે તેનું ઘર વસે'** અને અંગ્રેજો તથા ડૉકટરો વર્ષોથી કહેતા આવ્યા છે કે, **લાફટર ઈઝ ધી બેસ્ટ મેડિસન** પરંતુ વૈજ્ઞાનિક અભ્યાસ કરીને પુરાવો મેળવવામાં

આવ્યો હોય એવો આ પ્રથમ પ્રસંગ છે.

(૫) વિદેશમાં વસતા ભારતીયો પરંપરાગત પદ્ધતિથી લગ્ન કરવા ભારત આવે અને હિન્દુ વિધિથી લગ્ન કરે છતાં તેઓ **એન. આર. આઈ** હોવાથી તેમને હિન્દુ મેરેજ એક્ટ લાગુ પડતો નથી. મુંબઈ હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો.

(૬) જઠરમાં રહેલા બેકટેરિયા પહેલાં વ્યક્તિને ખાઉધરો બનાવે છે. આધુનિક જીવન શૈલી પણ મેદસ્વીતા માટે જવાબદાર. આંતરડા અને જઠરમાં ઘર કરીને રહેલા જંતુઓ વ્યક્તિનું મેદસ્વીપણું વધારે છે અને આંતરડાના સોજાના રોગનો જે તે વ્યક્તિને ભોગ બનાવી શકે છે. જનરલ સાયન્સમાં પ્રસિદ્ધ એક સંશોધનાત્મક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

(૭) ચન્દ્રયાન ૧ ના રડારે ચન્દ્રના ઉત્તર ધ્રુવ પર બરફ શોધ્યો. પ્રથમ પ્રયાસે જ સફળતા મેળવનાર ભારતના સૌ પ્રથમ યશસ્વી ચન્દ્રમિશન ચન્દ્રયાન ૧ માં ગોઠવવામાં આવેલા મિનિ સારનામના સાધને ચંદ્રની ધરતી પર અનેક ઠેકાણે બરફ હોવાનું શોધી કાઢ્યું.

(૮) પોર્ટ ઓફ સ્પેન : ટ્રિનિદાદ એન્ડ ટોબેગાની સંસદમાં મૂળ ભારતીય કમલા પ્રસાદ બિસેસર વિરોધ પક્ષના પ્રથમ મહિલા નેતા તરીકે ચૂંટાઈ આવ્યાં.

(૯) સચિન તેંડુલકરે વધુ એક ઇતિહાસ સર્જ્યો છે. દ. આફ્રિકા સામે ગ્વાલિયરમાં સચિને અણનમ ૨૦૦ રન ફટકારી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો. વનડેમાં બેવડી સદી ફટકારનાર સચિન પ્રથમ બેટ્સમેન બની ગયો છે.

(૧૦) શ્રી ૫ નવતનપુધામ-જામનગર ખાતે હોળી ધૂળેટીનો તહેવાર રંગેચંગે ઉજવાઈ ગયો. હોળીના દિવસે સવારે ૧૦૮ રાજભોગના દર્શનનો લહાવો અનેક ભાવિકો સહિત સુંદરસાથે લીધો. ધૂળેટીના પર્વે અબિલ ગુલાલની છોળી અને ફાગોત્સવના કીર્તનોથી વાતાવરણ ભક્તિમય અને રંગોત્સવથી સુંદરસાથે ધૂળેટીનો આનંદ માણ્યો.

**- શ્રી કનરાય વ્યાસ**

# ગૌશાળાની સેવા

**નાની માટલી(વિનાયક નગર) :** સમગ્ર સુંદરસાથ તરફથી ૨૩ ગુણી કપાસિયા મળેલ છે.

**ખડિયા(જિ. જુનાગઢ) :** સમગ્ર ખડિયા ગામના સુંદરસાથ તરફથી બે ટ્રક જુવારની નિરણ મળેલ છે.

**ભાદરા(જિ. જામનગર) :** ધર્મજ્ઞશ્રી ધનજીભાઈ દામજીભાઈ પેઢડિયા તરફથી એક ટ્રક મગફળીનો ભુકો મળેલ છે.

**નવસારી(જિ. વલસાડ) :** ધર્મજ્ઞશ્રી ભીખુભાઈ પરસોતમભાઈ ભંડેરી તરફથી ધામવાસી પરસોતમભાઈ ભંડેરીના સ્મરણાર્થે આઠ ગુણી કપાસિયા મળેલ છે.

**સાંકરોડિયા(જિ. સાબરકાંઠા) :** ધર્મજ્ઞશ્રી ગોરધનભાઈ પ્રભુદાસ પટેલ તરફથી આઠ ગુણી કપાસિયા મળેલ છે.

**મુંબઈ :** ધર્મજ્ઞશ્રી તુલસીદાસભાઈ નારણદાસભાઈ ઠક્કર તરફથી પાંચ ગુણી કપાસિયા મળેલ છે.

**હરિપર(જિ. જામનગર) :** ધર્મજ્ઞશ્રી નારણભાઈ બાવાભાઈ પરસાણા તરફથી ૨ ટ્રેક્ટર મગફળીનો ભૂકો મળેલ છે.

**મેટોડા(જિ. રાજકોટ) :** વાઘજીભાઈ કાનજીભાઈ સભાયા તરફથી ૧૧ ગુણી કપાસિયા મળેલ છે.

**જામનગર :** કનકરાય વી. વ્યાસ તરફથી બે ડબા ગોળ મળેલ છે.

**ભુજ :** ધર્મજ્ઞશ્રી ગોવિંદભાઈ જીવરાજભાઈ પટેલ (દેવપર-કચ્છ) તરફથી કપાસિયા ગુણી ૭ મળેલ છે.

**રાજકોટ :** ધર્મજ્ઞશ્રી નાનજીભાઈ વસરામભાઈ તરફથી ૮૮૦ કિલો લીલી મકાઈ મળેલ છે.

**મેવાસા(જિ. રાજકોટ) :** શ્રી પરબતભાઈ કાનાભાઈ રાદડિયા તરફથી ગૌશાળામાં ઘાસચારાની સેવા માટે રૂા. ૧૦૩૦૦ રોકડા મળ્યા છે.

**ઉપરોક્ત સુંદરસાથ તરફથી શ્રી કૃષ્ણ પ્રણામી ગૌશાળામાં ગાયોની સેવા અર્થે ઘાસ, કપાસિયા, ભૂકો, નિરણ અને ગોળ મળ્યા છે. સૌ ઉપર શ્રી રાજશ્યામાજીની કૃપા સદાય રહે અને તેઓશ્રીની સર્વાંગી પ્રગતિ થાય એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ.**

## અગત્યની નોંધ :

**૧.ગીરની ગાયની કિંમત રૂપિયા અગિયાર હજારથી ખૂબ જ વધારે છે.**

સંસ્થા ગીર ગાયનું સંર્વધન કરે છે. આથી સુંદરસાથજીના લાભાર્થે રૂપિયા અગિયાર હજાર ટોકન તરીકે રાખવામાં આવ્યા છે. આપના વડિલોની પાવન સ્મૃતિમાં એક ગાયનું દાન કરી ગૌસેવાના યશોભાગી બની શકો છો.

૨) આપશ્રીના પરિવારના શુભ પ્રસંગો, જન્મદિન, મેરેજ એનિવર્સરી, લગ્નપ્રસંગ, વેવિશાળ, પુત્ર જન્મની ખુશાલી તથા વડિલોની પાવન સ્મૃતિમાં રૂા. ૨૫૦૦ મોકલી ગાયોને લાડુ ખવડાવવાનું પુણ્ય મેળવી શકો છો.

૩) કપાસિયા, ભૂસો, ઘાસ, ગોળ વગેરેની યથા શક્તિ સેવા સ્વીકારવામાં આવે છે.

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા
# ગુજરાતી / હિન્દી માસિકના સંબંધમાં

| | |
|---|---|
| વિગતો | : (ફોર્મ ૪ નિયમ ૮ મુજબ) |
| પ્રકાશન સ્થાન | : શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મંદિર, જામનગર |
| પ્રકાશનની આવૃત્તિ | : માસિક |
| તંત્રી અને મુદ્રકનું નામ | : શાસ્ત્રી લક્ષ્મણ ચૈતન્ય તથા શ્રી કનકરાય વ્યાસ |
| તંત્રી અને મુદ્રકનો રાષ્ટ્રીય સંબંધ | : ભારતીય |
| તંત્રી અને મુદ્રકનું સરનામું | : શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મંદિર, જામનગર |
| પ્રકાશન અને માલિકનું નામ | : આચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મંદિર, જામનગર |

હું આચાર્ય કૃષ્ણમણિજી મહારાજ આ ફોર્મ દ્વારા જાહેર કરું છું કે ઉપરની વિગત મારી જાણ તથા વિશ્વાસ મુજબ સાચી છે.

-આચાર્ય શ્રી કૃષ્ણમણિજી મહારાજ (પ્રકાશ અને માલિક)

# સાહિત્ય સેવા

**આમોદરા :** ધર્મજ્ઞા શ્રીમતી પ્રીતિબેન નિલેશકુમાર પટેલ તરફથી તેમને ત્યાં સંપન્ન થયેલા શુભ લગ્ન પ્રસંગે પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૧૧૧૧/ ભેટ મળી છે. ધન્યવાદ.

**હિંમતનગર :** ધર્મજ્ઞશ્રી અમિતભાઈ જશુભાઈ પટેલ તરફથી ચિ. રૂહનના જન્મદિનની ખુશાલી પ્રસંગે રૂા. ૫૦૦/ ભેટ. ચિ. રૂહન પર શ્રી રાજશ્યામાજીની સદાય મહેર રહે અને સર્વાંગી પ્રગતિ સાથે નિરામય દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરે એવી શુભાશિષ.

**રાજકોટ :** ધર્મજ્ઞાશ્રી ઉષાબેન કૌશિકભાઈ ભંડેરીની સુપુત્રી તેજલબેન તથા માતા ઉષાબેને તારતમ મંત્ર ગ્રહણ કર્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૫૦૦/ ભેટ મળેલ છે. ધન્યવાદ.

**હિંમતનગર(કાંકણોલવાળા) :** ધર્મજ્ઞશ્રી વિનોદભાઈ જેઠાભાઈ તથા શ્રી જતિનભાઈ મણિભાઈ પટેલ (સીટી કેમીસ્ટ) તરફથી પત્રિકાની સેવામાં રૂા. ૫૦૧/ શુભેચ્છા ભેટ મળેલ છે. ધન્યવાદ.

**નાલાસોપારા :** ધર્મજ્ઞશ્રી અનિલભાઈ મધુકરભાઈ રાજપૂત તરફથી ચિ. ગુંજનની ચૌલક્રિયા(બાલ મોવારા)ની બાધા પૂર્ણ કરી તે પ્રસંગે રૂા. ૫૧૧/ ભેટ મળેલ છે. ધન્યવાદ.

**હર્ષદપુર :** ધર્મજ્ઞશ્રી રમેશભાઈ જમનભાઈ અટારાના શુભલગ્ન ચિ. મંજુલાબેન સાથે તા. ૧૬.૨.૨૦૧૦ ના રોજ સારી રીતે સંપન્ન થયાની ખુશાલી પ્રસંગે રૂા. ૫૦૧/ ભેટ મળેલ છે. નવદંપતિ પર શ્રી રાજશ્યામાજીની અસીમ કૃપા રહે એવી શુભાશિષ.

**સુરત :** ધર્મજ્ઞશ્રી મિતેષકુમાર લાલજીભાઈ પટેલ તરફથી તેઓશ્રીએ નવું નિવાસ સ્થાન ખરીદી વસંત પંચમીના શુભ દિવસે મંગલ ગૃહ પ્રવેશ કર્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૫૦૧/ ભેટ મળેલ છે. નવું નિવાસ સ્થાન આપશ્રીને લાભપ્રદ નિવડે એવી શુભકામના.

**વડોદરા :** શ્રી રજનીભાઈ મોતીભાઈ પટેલ તરફથી ચિ. જાનકીની સાકર તુલાની માનતા શ્રી ૫ નવતનપુરી ધામમાં પૂર્ણ કર્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૫૧/ ભેટ મળેલ છે.

**રાજકોટ :** શ્રી મયૂરભાઈ મગનભાઈ પાઘડાર તરફથી તેઓશ્રીએ નવતનપુરી ધામમાં પાકી રસોઈ આપી તે પ્રસંગની ખુશાલી પ્રસંગે રૂા. ૨૫૧/ ભેટ મળેલ છે.

**સબાલી :** ચિ. યુગકુમાર હરેશભાઈ પડંયાની સાકરતુલા પ્રસંગે રૂા. ૨૦૧/ ભેટ મળી છે. હ. રામાભાઈ કાળાભાઈ પંડયા-ડુંગરી.

**જામનગર :** શ્રીમતી મીનાબેન

ભગવાનજીભાઈ સંઘાણી તરફથી શ્રી રાજજીની મહેરથી તેમની મનોકામના પૂર્ણ થયાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૫૧/ શુભેચ્છા ભેટ મળેલ છે.

**ગોધરા :** શ્રી ડી. એસ. રાઠોડ તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ શુભેચ્છા ભેટ મળેલ છે.

**હિંમતનગર :** પંડ્યા વિજયભાઈ નાથાભાઈ તરફથી રૂા. ૨૫૧/ સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**જાફરાબાદ :** ડૉ. મેઘનાબેન રમેશભાઈ મહેતા તરફથી સાહિત્ય સેવામાં રૂા. ૨૦૧/ શુભેચ્છા ભેટ મળી છે.

**સાકરોડિયા :** શ્રી મયંકકુમાર શંકરલાલને ત્યાં શ્રી રાજજીની અસીમ કૃપાથી ચિ. ફલકનો જન્મ તા. ૧૪.૧.૨૦૧૦ના રોજ થયાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૫૧/ ભેટ.મળેલ છે. ચિ. ફલક પર શ્રીજી સદાય મહેર રહે અને નિરામય દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરે એવી શુભાશિષ.

**મોરબી :** શ્રી લીલાધર શિવજીભાઈ પટેલ શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ ભેટ.

**સિનોગ્રા :** શ્રી પ્રાગજીભાઈ દેવરામ ચૌહાણ તરફથી પત્રિકાની સેવામાં રૂા. ૧૫૧/ શુભેચ્છા ભેટ.

**બાપુનગર :** શ્રી નાગજીભાઈ હિરજીભાઈ ભંડેરીના બહેન તથા પરિવારજનો અમેરિકાથી શ્રી ૫ નવતનપુરી ધામમાં દર્શનાર્થે આવ્યા તથા દીકરાને ત્યાં પુત્રરત્નની પ્રાપ્તિ થઈ તેમજ નવા મકાનમાં ગૃહ પ્રવેશ કર્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ ભેટ.

**મેટોડા :** શ્રી કાનજીભાઈ રાઘવજીભાઈ સભાયા તરફથી પત્રિકાની સેવામાં રૂા. ૧૫૧/ શુભેચ્છા ભેટ મળી છે.

**વાગુદળ :** શ્રીમતી જીવતીબેન ગોવિંદભાઈ સભાયા તરફથી પત્રિકાની સેવામાં રૂા. ૧૫૧/ શુભેચ્છા ભેટ મળી છે.

## રૂા.૧૦૧/

**પોરબંદર :** શ્રીમતી જયાબેન કેશવજી પુરોહિતના સુપુત્ર ચિ. સંજયના શુભલગ્ન શ્રીમતી પ્રભાબેન મણિશંકરની સુપુત્રી ચિ. નયના સાથે થયાની ખુશાલી પ્રસંગે ભેટ.

**ધ્રાફા :** શ્રી વિઠ્ઠલભાઈ ગોપાલભાઈ દવેના સુપુત્ર ચિ. કિશોરનું વેવિશાળ પોરબંદર નિવાસી ગોરધનભાઈ નરશીભાઈની સુપુત્રી ચિ. મીરા સાથે તા. ૧-૨-૨૦૧૦ ના રોજ થયાંની ખુશાલી પ્રસંગે ભેટ.

**ધ્રાફા :** શ્રી વિઠ્ઠલભાઈ ગોપાલભાઈ દવેની સુપુત્રી ચિ. પદ્મવતીનું વેવિશાળ પોરબંદર નિવાસી ગોરધનભાઈ નરશીભાઈના સુપુત્ર ચિ. મહાદેવ સાથે થયાંની ખુશાલી પ્રસંગે ભેટ.

**ગોધરા :** ખડાયતા ત્રિભોવનભાઈ જેઠાભાઈ તરફથી શુભેચ્છા ભેટ.

**અવાણિયા :** ધામવાસી વિરૂબેન ભાણજીભાઈ ધરમશીભાઈ ફળદુના સ્મરણાર્થે શ્રી ૫ નવતનપુરી ધામમાં પાકી રસોઈ આપી તે નિમિત્તે ભેટ.

**કાલાવડ :** ધામવાસી જીવીબેન અરજણભાઈની પ્રથમ પુણ્ય તિથિ પ્રસંગે ભેટ.

**કેરાળી :** શ્રી રાજેશભાઈ હંસરાજભાઈ પાઘડારના સુપુત્ર ચિ. તિર્થની પ્રથમ વર્ષગાંઠની ખુશાલી પ્રસંગે ભેટ.

**કેરાળી :** શ્રી વિજયભાઈ હંસરાજભાઈ પાઘડારને ત્યાં પુત્રરત્ન ચિ. દિવ્યનો જન્મ તા. ૧-૧૧-૨૦૦૯ ના રોજ થયાની ખુશાલી પ્રસંગે ભેટ.

**નિકોડા :** શ્રીમતી વર્ષાબેન કેતનભાઈ પટેલના જેઠનું ધામગમન થતાં તેની પુણ્ય સ્મૃતિમાં ભેટ.

**ખંભાળિયા :** શ્રીમતી જશુબેન જયેન્દ્રભાઈ મોદી તરફથી શુભેચ્છા ભેટ.

**પોરબંદર :** શ્રી હરદાસભાઈ આલાભાઈ સુવાને ત્યાં પુત્રરત્ન પ્રાપ્તિ થયાની ખુશાલી પ્રસંગે ભેટ.

**માંડાસણ :** ધામવાસી મણિબેન અરજણભાઈ ભંડેરીની પાવન સ્મૃતિમાં ભેટ.

**મુંબઈ :** શ્રી મંજુલાબેન વિજયકુમાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**રાજકોટ :** ધામવાસી અશોકભાઈ મોહનલાલ તન્નાની પાવન સ્મૃતિમાં ભેટ.

**જામનગર :** શ્રી વિદિશભાઈ દત્તા તરફથી શુભેચ્છા ભેટ.

**આમોદરા :** શ્રી કુણાલભાઈ કાંતિભાઈ પટેલને ત્યાં તા. ૬-૧૧-૨૦૦૯ ના રોજ કન્યા રત્નની પ્રાપ્તિ થયાંની ખુશાલીમાં ભેટ.

**આમોદરા :** શ્રી કાંતિભાઈ પ્રભુદાસભાઈ પટેલ તરફથી ચિ. અર્ચનાના લગ્ન પ્રસંગની ખુશાલીમાં ભેટ.

**સબાલી :** શ્રી યુગકુમાર હરેશભાઈ ધનજીભાઈ પંડયા શ્રી ૫ નવતનપુરી ધામનાં દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**મેસણ :** શ્રી રઘજીભાઈ મોહનભાઈ પંડયા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**મેસણ :** શ્રી અમૃતભાઈ મગનભાઈ પંડયા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**ડુંગરી :** શ્રી ખેમાભાઈ ગલબાભાઈ પંડયા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**મેટોડા :** શ્રી અમરશીભાઈ નાથાભાઈ સભાયા તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ.

**જામનગર :** ધામવાસી શ્રી મગનભાઈ ઠાકરશીભાઈ રામાણીની પાવન

સ્મૃતિમાં ગોટા પારાયણ રાખી મંદિરમાં પાકી રસોઈ આપી સાહિત્ય સેવામાં ભેટ મળી છે. હ. શ્રીમતી ગાયત્રીબેન મગનભાઈ રામાણી.

**સંતરામપુર :** ડૉ. ધનસુખભાઈ જે. પટેલના સુપુત્ર ચિ. પ્રતિક તથા પુત્રવધૂ ચિ. મોનિકા લગ્ન પછી પ્રથમ વખત શ્રી ૫ નવતનપુરી ધામમાં દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**સંતરામપુર :** ડૉ. અમૃતાબેન ડી. પટેલના પૌત્ર ચિ. શ્લોકને શ્રી ૫ નવતનપુરી ધામમાં દર્શનાર્થે લાવી પૂજ્ય આચાર્યશ્રીના આશીર્વાદ મેળવ્યાની ખુશાલીમાં ભેટ.

**સંતરામપુર :** ડૉ. ધનસુખભાઈ જે. પટેલના સુપુત્ર ચિ. ડૉ. પ્રતિકકુમારે ''નિજાનંદ ક્લિનિક'' નામે દવાખાનાનો શુભારંભ કર્યાની ખુશી પ્રસંગે ભેટ.

**ગોધરા :** ચંપાવતીબેન પી. જોશી તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ.

**ઉપલેટા :** શ્રીમતી મધુબેન તુલસીભાઈ સોજિત્રા તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ.

**રાજકોટ :** શ્રી રામુભાઈ ધનજીભાઈ પાઘડાર તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ.

**મોડાસા :** શ્રી બિહારીલાલ મોહનલાલ કોઠારી તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ.

**મેવાસા :** શ્રી પરબતભાઈ કાનજીભાઈ રાદડિયાએ શ્રીમદ્‌ભાગવતની કથા બેસાડી તથા નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યા તેમજ ગાયોના ઘાસચારામાં રૂા. ૧૦૩૦૦ ની સેવા કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**અમદાવાદ :** શ્રીમતી તરુણાબેન મનિષકુમાર પટેલને ત્યાં પુત્રરત્નની ખુશાલી પ્રસંગે શ્રી રાજજીને વાઘા ધરાવ્યા તથા સાકરતુલા કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**જામનગર :** ચિ. શ્યામ રમેશભાઈ કમાણીની ચતુર્થ વર્ષ ગાંઠ પ્રસંગની ખુશાલીમાં ભેટ.

**રૂા. ૫૧** (૧) શ્રી ગુમાનસિંહ ગાભાજી મૂળુભાઈ-**રાઠોડ.** (૨) શ્રી ભાનુભાઈ સામતભાઈ ઓડેદરા-**માલ.** (૩) શ્રીમતી મંજુલાબેન ગોવિંદભાઈ હરસોળા-**રાજકોટ.** (૪) શ્રી ધર્મેશ ગોવિંદભાઈ હરસોળ-**રાજકોટ.** (૫) શ્રીમતી કાંતાબેન મગનભાઈ પાઘડાર-**રાજકોટ.** (૬) શ્રીમતી લક્ષ્મીબેન નરશીભાઈ ગોરસિયા-**સાંગણવા.** (૭) શ્રી અરવિંદભાઈ રાજુભાઈ-**અમદાવાદ.** (૮) શ્રી બુધાભાઈ સોમાભાઈ ચતુરભાઈ ચૌહાણ-**નડિયાદ.**

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીના ઉપર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને તેઓની સર્વાંગી પ્રગતિ સાથે ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ***

# ધામગમન

**સુરત :** જવલબેન હરજીભાઈ ડોબરિયાનું તા. ૧-૧-૧૦ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૧૦૧/ ભેટ મળી છે. હ. મધુભાઈ હરજીભાઈ ડોબરિયા.

**બામણાસા ઘેડ :** શ્રી મણિબેન પરબતભાઈ સોલંકીનું તા. ૬-૨-૨૦૧૦ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે મંદિરમાં સાપ્તાહિક પારાયણ કરી શ્રી રાજજીને થાળભોગ ધરાવેલ છે તે નિમિત્તે પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૧૦૧/ ભેટ મળી છે.

**ભાવનગર :** શ્રી વસરામભાઈ વિરજીભાઈ પાણખણિયાના સુપુત્રનું તા. ૨૬-૨-૨૦૦૯ ના રોજ ધામગમન થયેલ છે. તેની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૧૦૧/ ભેટ મળી છે.

**નવસારી :** શ્રી ભીખુભાઈ પરસોતમભાઈ ભંડેરીના પિતાશ્રી શ્રી પરસોતમભાઈ કુંવરજીભાઈ ભંડેરીનું તા. ૬-૨-૨૦૧૦ ને શનિવારના રોજ ધામગમન થયેલ છે. તેમની પાવન સ્મૃતિમાં શ્રી ૫ નવતનપુરી ધામમાં ગોટા પારાયણ કરી મંદિરમાં પાકી રસોઈ આપી તે નિમિત્તે સાહિત્ય સેવામાં રૂા. ૧૦૦૧/ ભેટ મળી છે.

**મેટોડા :** લાડુબેન ગોરધનભાઈ સભાયાનું તા. ૨૩-૧-૨૦૧૦ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે રૂા. ૧૫૧/ ભેટ મળી છે.

**ગુંદાસરા :** શ્રીમતી ઉજીબેન બાવાભાઈ રૂપારેલિયાનું તા. ૭-૨-૨૦૧૦ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે શ્રી રામભાઈ બાવાભાઈ રૂપારેલિયા તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૨૦૧/ ભેટ મળી છે.

**નિકોડા :** શ્રીમતી વિમલાબેન રસિકભાઈ પટેલના સુપુત્ર કિરણભાઈનું તા. ૩૧-૧૨-૦૯ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૨૦૦/ ભેટ મળી છે.

***ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજજી પોતાના નિજચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એજ અભ્યર્થના.***

# ફેબ્રુઆરી ની પાકી રસોઈની સેવા

| | | |
|---|---|---|
| ૦૧) | ધા.વા. પં શ્રી ટહલદાસજી | શ્રી ૫ નવતનપુરી ધામ |
| ૦૨) | શ્રી સુધાબેન ચંદ્રકાન્તભાઈ ભાવસાર | વલસાડ |
| ૦૩) | શ્રીમતી ગંગાબેન જયરામભાઈ સોજીત્રા | લોધિકા |
| ૦૪) | ધા.વા. વિરૂબેન તથા ભાણજીભાઈ ડી. ફળદુ હ.શ્રી લાલજીભાઈ | અવાણીયા |
| ૦૫) | ધા.વા. પરસોતમભાઈ કુંવરજીભાઈ ભંડેરી | નવસારી |
| ૦૬) | ધા.વા. પરસોતમભાઈ કુંવરજીભાઈ ભંડેરી | નવસારી |
| ૦૭) | ધા.વા. કંચનબેન રતિલાલ માવજીભાઈ ખાણધર | ઉપલેટા |
| ૦૮) | ધા.વા. કાંતિભાઈ અમરસીંહભાઈ ઝાલા | જામનગર |
| ૦૯) | શ્રી નાનજીભાઈ રામજીભાઈ ભંડેરી | માંડાસણ |
| ૧૦) | ધા.વા. કચરાભાઈ ભીમાભાઈ કનારા. હ. ફોગાભાઈ | ગોકરણ |
| ૧૧) | શ્રી બરા બહાદુર યાદવ | મુંબઈ |
| ૧૨) | સંત શ્રી નિત્ય ગોપાલદાસજી(મુનિબાવા) | મુંબઈ |
| ૧૩) | શ્રી ખોડાભાઈ પરબતભાઈ પરસાણા | હરિપર |
| ૧૪) | પંડિત શ્રી લક્ષ્મીકાન્ત શર્મા | દાર્જિલીંગ |
| ૧૫) | ધા.વા. પુરીબેન ખીમાભાઈ ઓડેદરા | માલ |
| ૧૬) | શ્રી મયૂર મગનભાઈ પાઘડાર | રાજકોટ |
| ૧૭) | શ્રી રમેશભાઈ નાથાભાઈ મેંદપરા | સુરત |
| ૧૮) | શ્રી વાઘજીભાઈ કાનજીભાઈ સભાયા | રાજકોટ |
| ૧૯) | ધા.વા. મગનભાઈ ઠાકરશીભાઈ રામાણી હ. ગાયત્રીબેન | જામનગર |
| ૨૦) | ડૉ. રાકેશભાઈ ધનસુખભાઈ પટેલ | મોરા(સંતરામપુર) |
| ૨૧) | શ્રી કેશુભાઈ ગોબરભાઈ સાવલીયા | જામનગર |
| ૨૨) | શ્રી વલ્લભભાઈ વાલજીભાઈ પડારીયા | મોટા-માંડવા |
| ૨૩) | શ્રી કુસુમબેન રમણીકભાઈ પ્રાગજીભાઈ વાઢેર | ગાંધીધામ(કચ્છ) |
| ૨૪) | શ્રી યથાર્થ કે ભાવસાર | વલસાડ |
| ૨૫) | શ્રી નયનાબેન જશુભાઈ પટેલ | હિંમતનગર |
| ૨૬) | શ્રીમતી ડૉ. લક્ષ્મીબેન અમીચંદભાઈ પટેલ | હિંમતનગર |
| ૨૭) | શ્રીમતી સંતોકબેન અરશીભાઈ પાણખણિયા | લંડન(યુ.કે) |
| ૨૮) | શ્રી હરિશંકર શ્રેષ્ઠ | કાઠમાંડૌ(નેપાલ) |

# ॥ આમંત્રણ ॥

## શ્રી તારતમ સાગરના અખંડ પારાયણ મહાયજ્ઞ

## શ્રીકૃષ્ણ પ્રણામી સંપ્રદાય મંદિર, દીવ

સાદર સસ્નેહ જણાવતાં આનંદ થાય છે કે પરમકૃપાળુ પરમાત્મા શ્રી રાજજી-શ્રીકૃષ્ણજીની અસીમ કૃપાથી મહામતિશ્રી પ્રાણનાથજી દ્વારા વિ.સં. ૧૭૨૨(ઈ.સ.૧૬૬૬) માં સર્વપ્રથમ સ્થાપિત શ્રી કૃષ્ણ પ્રણામી સંપ્રદાય મંદિર, દીવ મુકામે તા. ૧૫-૪-૨૦૧૦ ગુરુવારથી તા. ૧૭-૪-૨૦૧૦ શનિવાર સુધી શ્રી તારતમ સાગરના ૧૧ અખંડ પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે.

પારાયણ તથા આરતીના દર્શન તેમજ ગુરુજનોના આશીર્વાદ મેળવી કૃતાર્થતાનો અનુભવ પ્રાપ્ત કરવા માટે સપરિવાર આપની ઉપસ્થિતિ સાદર પ્રાર્થનીય છે.

**નોંધ :** ***તા. ૧૫-૦૪- ૨૦૧૦ ગુરુવારના રોજ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદ્‌ગુરુ શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ સવારે ૦૬-૦૦ વાગ્યે પધારશે. બસડેપોથી તેઓશ્રીની સ્વાગત-શોભાયાત્રાનો પ્રારંભ થશે.***

---

## સેવા અંદાજે રકમ

| | | |
|---|---|---|
| **પારાયણ એકની સેવા,** | | **રૂા.૨૧૦૦/-** |
| **ભોગ (એક દિવસ)** | | **રૂા.૫૦૦/-** |
| **ધૂપ-અગરબત્તી (સંપૂર્ણ)** | | **રૂા.૫૦૦/-** |
| **ચા નાસ્તો (એક દિવસ)** | | **રૂા.૩૦૦૦/-** |
| **રસોઈની સેવા** | **(પ્રથમ દિવસ)** | **રૂા.૫૧૦૦/-** |
| | **(બીજો દિવસ)** | **રૂા.૫૧૦૦/-** |
| | **(પૂર્ણાહુતિના રોજ)** | **રૂા.૧૫૦૦૦/-** |

---

**સંપર્ક : શ્રી લીલાધર શાસ્ત્રી, શ્રી કૃષ્ણ પ્રણામી સંપ્રદાય મંદિર, દીવ**

**મો. ૯૩૭૫૧૧૯૯૯૭ ફોન : ૦૨૮૭૫-૨૫૨૮૦૪**












सिमरडा ( आणंद ), मोविया तथा गुंदासरा ( राजकोट )
में आयोजित पारायण तथा सत्संग समारोहके विविध दृश्य

RNI No. GUJ BIL /2006/18311
Registration No. GJN-1 / 2009-2011




श्री ५ नवतनपुरी धाममें फागोत्सवके पावन दिनपर आयोजित १०८ राजभोगकी मनोहर झाँकी ।






श्री ५ नवतनपुरी धाममें फागोत्सवके पावन दिन पर फाग गायन करते हुए सुन्दरसाथजी




श्री ५ नवतनपुरी धामके दर्शनार्थ आए हुए गुजरात प्रदेश भाजप प्रमुख
श्री आर. सी. फलदुको आशीर्वाद देते हुए परम पूज्य आचार्य महाराजश्री

**PRINTED BOOK**

TO :

SHRI KRISHNA PRANAMI DHARMA PATRIKA
SHRI 5 NAVTANPURI DHAM JAMNAGAR - 361 001 (INDIA)